આજે અનેક અપેક્ષા વચ્ચે રેલવે બજેટ

ભાડા યથાવત રહેશે : નવી ટ્રેનો, નવી લાઇનો, નવા સર્વેની જાહેરાત કરાઈ તેવી પ્રબળ શક્યતા : પ્રાથમિકતાના આધારે નવા પ્રોજેક્ટ જાહેર થશે :પ્રવાસીની સુવિધા વધશે : બુલેટ ટ્રેન અંગેની જાહેરાત થવાની શક્યતા : મોદી સરકારના પ્રથમ બજેટમાં ૨૬૦૦૦ કરોડની રોકડ કટોકટીથી બહાર કાઢવાના અનેક પગલાઓ હશે

નવી દિલ્હી,તા. ૭

રેલવે પ્રધાન સદાનંદ ગૌડા રેલવેની સ્થિતીને સુધારાવા અને રેલવેને વધારે લોકલક્ષી બનાવવાના હેતુથી આવતીકાલે મંગળવારે રેલવે બજેટ રજૂ કરનાર છે. રેલવે બજેટ પહેલા જ યાત્રી ભાડામાં ૧૪.૨ ટકાનો કમરતોડ વધારો ઝીંકી દીધા બાદ રેલવે મંત્રી હવે નવા કોઇ યાત્રી ભાડા અને નૂરના દરમાં વધારો કરશે નહીં પરંતુ નવી ટ્રેનો, નવી રેલવે લાઇનો, નવા સર્વેની જાહેરાત કરે તેવી શક્યતા છે. ૨૬૦૦૦ કરોડની રોકડ કટોકટીમાંથી બહાર નિકળવાના હેતુસર કેટલીક જાહેરાત થઇ શકે છે. ઘણા અટવાઈ પડેલા પ્રોજેક્ટને રદ કરવામાં આવે તેવી શક્યતા છે. રેલવે બજેટ ૨૦૧૪-૧૫માં પ્રાથમિકતાના આધાર પર કેટલાક નવા પ્રોજેક્ટની જાહેરાત કરવામાં આવી શકે છે. ગૌડા શતાબ્દી કોચ અને મુંબઈ ઉપનગરીય ટ્રેનમાં ઇએમયુ

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

બીજાઓની ભૂલો જોઇને શીખો.. નહીંતર પોતાના ઉપર પ્રયોગો કરવા રહેશો તો આયખું ઓછું પડશે
- ચાણક્ય

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૧૮ | ૮ જુલાઇ, ૨૦૧૪, મંગળવાર; અષાઢ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

NEWS બિટ્સ

સંજય જોશી ભાજપમાં પુનઃ સક્રિય

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના કહેવાતા પ્રતિસ્પર્ધી સંજય જોશીએ પુનઃ રાજનીતીમાં સક્રિય થવાનો નિર્ણય કર્યો છે અત્રે ઉલ્લેખનીય છે કે નરેન્દ્ર મોદીના દબાણથી મે ૨૦૧૨માં ભાજપની રાષ્ટ્રીય કારોબારીમાંથી સંજય જોશીને દૂર કરાયા હતા. ત્યારબાદ પક્ષની બધી જ જવાબદારી લઈ લેવાઈ હતી. આજે ટવીટર ઉપર સંજય જોશીએ પુનઃ સક્રિય થવાની જાહેરાત કરતા ભાજપમાં ભારે ચર્ચા જાગી છે.

બજેટ સિક્રેટ માટે ૧૧૦ વ્યકિતઓ કેદમાં

૧૦મી જુલાઈના રોજ રજુ થનાર કેન્દ્રિય બજેટ માટેની

તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. બજેટને પ્રિન્ટીંગ પ્રક્રિયામાં મુકવા નાણા મંત્રાલયના ૧૧૦ અધિકારીઓ હવે નોર્થ બ્લોકના ખાસ બજેટ રૂમમાં પુરાયા છે. બજેટ સિક્રેટની જાણ ૧૦મી પહેલા કોઈનેય થાય નહીં તે માટે એડીશનલ સેક્રેટરીથી લઈને પ્રુફ રીડર્સ સૌ કોઈને આ નજર કેદમાં રાખવામાં આવ્યા છે.

ક્રેડીટ સ્કોરના આધારે ઈન્સ્ટન્ટ લોન

ભારતમાં ક્રેડીટ

ઈન્ફોર્મેશન બ્યુરો ઓફ ઈન્ડિયા (સીબીલ) દ્વારા બેન્કીંગ-ધિરાણ લેતા દરેક ગ્રાહકનો ક્રેડીટ સ્કોર રાખવામાં આવે છે. આ ક્રેડીટ સ્કોર ઓનલાઈન ઉપલબ્ધ છે. ગ્રાહકના ક્રેડીટ સ્કોર જોઈ હવે બેંકો લોન આપશે.

કોન્ટ્રાકટ વર્કર્સને હવે પરમેનન્ટ વર્કર્સ જેટલો પગાર મળશે

શ્રમ અને રોજગાર મંત્રાલયે રાજસ્થાન પાસેથી પ્રેરણા લઈને કોનટ્રાકટ લેબર (રેગ્યુલેશન એન્ડ એબોલિશન)

POLICY AND LAW ON CONTRACT LABOUR IN INDIA

એકટ ૧૯૭૦ની સમીક્ષા કરવાનો નિર્ણય કર્યો છે. સુત્રોના જણાવ્યા પ્રમાણે શ્રમ મંત્રાલયે વર્તમાન કાયદામાં એક નવી કલમ ઉમેરવાની દરખાસ્ત રજુ કરી છે. આ કલમ ઉમેરવાથી એક જ કામ માટે કોન્ટ્રેકટ વર્કર્સને રેગ્યુલર વર્કર્સ જેટલો પગાર અને સોશિયલ સિકયોરીટી બેનીફિટ મળશે.

જિલ્લાનો રૂર્બન પ્રોજેક્ટ વિધાનસભામાં ચમક્યો

જિલ્લાના ચાર ગામોમાં પ્રોજેક્ટ અંતર્ગત કામગીરી કરાશે : એક જ કામ પૂર્ણ થયાનો એકરાર

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લાના ચાર ગામોમાં રર્બન પ્રોજેક્ટ હાથ ધરવાનો નિર્ણય રાજ્ય સરકારે ૨૦૧૦માં કર્યો હતો તેમ રાજ્યના રાજ્ય પંચાયત મંત્રી શ્રી જયંતિભાઈ કવાડિયાએ આજે ભાજપના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલના પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

પ્રશ્નોત્તરીનો સમય પૂર્ણ થવાની થોડીક મિનિટો પૂર્વે જ શ્રી પટેલનો પ્રશ્ન ચર્ચામાં આવ્યો હતો. પંચાયત રાજ્યમંત્રી શ્રી કવાડિયાએ જણાવ્યું હતુ કે ગ્રામ્ય વિસ્તારમાં રહેતા લોકોને શહેર જેવી સુવિધા મળે તે આશયથી આ પ્રોજેક્ટ અમલી બનાવાયો હતો. રાજ્યના ૭૯ ગામોમાં આ પ્રોજેક્ટ હાથ ધરાયા છે.

તેમણે જણાવ્યુ હતુ કે ગાંધીનગર જિલ્લામાં એક કામ પૂર્ણ થયુ છે અને તેની પાછળ રૂ. સાત કરોડથી વધુ ખર્ચ થયો છે. બાકીના ત્રણ ગામોના ડી.પી.આર. બનાવવાની કામગીરી ચાલુ છે.

શ્રી અશોક પટેલે આ કામમાં ભ્રષ્ટાચાર થયાની ફરિયાદોને લઈ પુછેલા પૂરક પ્રશ્નનો ઉત્તર મંત્રીશ્રી આપવા ઉભા થયા ત્યાં જ પ્રશ્નોત્તરીનો સમય પૂર્ણ થવાની અધ્યક્ષે જાહેરાત કરી હતી જેથી જવાબ તેમને મળ્યો ન હતો.

દરમ્યાન રર્બન પ્રોજેક્ટ હેઠળ જિલ્લાના દે અન્ય ગામો સમાવવામાં આવ્યા છે તેમાં કોલવડા અને ડભોડાનો પણ સમાવેશ થાય છે. મંત્રીશ્રીએ ધારાસભ્યશ્રીને ગામોના નામ તેમને રૂબરૂ મળી આપી દેશે તેવી હૈયાધારણ આપી હતી.

મળતી વિગતો પ્રમાણે રર્બન પ્રોજેક્ટ હેઠળ હજુ ડી.પી.આર. તૈયાર થઈ રહ્યા છે જેથી તે કામગીરી પૂર્ણ થયા બાદ તેને વહીવટીય અને તાંત્રિક મંજૂરી અપાશે. આ પછી પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા તે અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાં રર્બન પ્રોજેક્ટ હેઠળ રાંધેજાની કામગીરી પૂર્ણ થી છે. જો કે તેની કામગીરીને લઈ તાજેતરમાં પણ ભારે ફરિયાદો ઉઠવા પામી છે.

● અનુસંધાન પાન-૭ પર

પર્જન્ય યજ્ઞ - ભારતીય વૈદિક પરંપરામાં વરૂણ દેવને મનાવવા પર્જન્ય યજ્ઞનો મહિમા વર્ણવાયો છે... પર્જન્ય યજ્ઞ દ્વારા મેઘરાજાને વિલંબ ન કરવાની પ્રાર્થના કરાય છે... આહુતિ આપતા-આપતા વેદના મંત્રોમાં વરૂણ દેવને ધરતી પર આગમન કરવા આહ્વાન કરાય છે... આપણા શાસ્ત્રોમાં યજ્ઞનું મહત્વ આલેખાયું છે ત્યારે આજકાલ ઠેરઠેર પર્જન્ય યજ્ઞ, અખંડ ધૂન, ખાસ બંદગી યોજાય છે... અને સૌની લાગણી એક જ છે... કે હે મેઘરાજા હવે વિલંબ ન કરો... ધરતી પર અવતરણ કરો... અબોલ પશુ-પંખીઓ અને માનવ જાત પર કરૂણાભાવ છલકાવી કૃપા કરો... ભાષા જુદી જુદી હોય, પંથ અને પ્રથા જુદી જુદી હોય પરંતુ પ્રાર્થના સૌની એક જ છે... હવે તો વરસો મેઘરાજા....

રાજ્યપાલનો શપથવિધિ - રાજ્યના રાજ્યપાલ કમલા બેનિવાલની મિઝોરમના રાજ્યપાલ તરીકે બદલી થતાં ખાલી પડેલી જગ્યા પર રાજસ્થાનના રાજ્યપાલ માર્ગારેટ આલ્વાને વધારાનો હવાલો સોંપાતા ગાંધીનગર ટાઉનહોલમાં સોમવારની સાંજે શપથવિધિ સમારોહ યોજાયો હતો. **(તસવીર : દિપક જાની)**

વિપક્ષી નેતા વાઘેલાના ભાજપ પર તેજાબી ચાબખા

વિકાસની વાતોનું સરકારી પ્રકાશનોમાં જ ખંડન થયું છે અને પ્રજાને ભાજપે ગુમરાહ કરી છે

ગાંધીનગર, તા.૭

ગુજરાના વિકાસની જે વાતો કરવામાં આવે છે તેનું ખંડન તેના જ પ્રકાશનોમાં થઈ રહ્યું છે. તેવો ગંભીર આક્ષેપ કરતાં વિધાનસભા વિપક્ષા નેતા શ્રી શંકરસિંહ વાઘેલાએ નર્મદા યોજનાનું કામ પૂર્ણ નહિ કરવાનું ગંભીર પાપ ભાજપે કરી માત્ર તેનો રાજકીય લાભ ખાટવા જ કર્યો છે. નેનો પ્રોજેક્ટની મોટી મોટી વાતો પછી ગુજરાતના યુવાનને રોજગારી પ્રાપ્ત થઈ નથી તો કૃષિ વિકાસની સાચી હકીકતો સરકારના ગુબ્બારાઓથી જોજન દૂર છે.

નર્મદાના પાણી ગામો-ખેતરો સુધી પહોંચાડવા માટેનું આયોજન સરકાર દ્વારા કરવામાં આવ્યું ન હોઈ આજે ખેતરો તરસ્યા પડયા છે એવો આક્ષેપ વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલાએ કર્યો છે.

અંદાજપત્ર પરની ચર્ચામાં ભાગ લેતા વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ રાજય સરકાર ઉપર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે અંદાજપત્રમાં દુષ્કાળનો એક અક્ષર નથી હવે દુષ્કાળ ડોકીયા કરી રહ્યો છે. ભગવાન રૂઠવાની શરૂઆત છે ત્યારે આ તંત્ર સજાગ નહીં થાય તો લોકો મરશે મુંગા જાનવર મરશે અને કદાચ હિઝરત કરવી પડે એવું પણ દેખાઈ રહ્યું છે.

નર્મદા યોજનાનો માત્ર રાજકીય લાભ ખાટયો છે દુષ્કાળની સ્થિતિમાં ગરીબો-ખેડૂતોને તરસ્યા રહેવું પડે તેવી સ્થિતિ

તેમણે જણાવ્યું હતું કે આ બધાના મૂળમાં નર્મદા યોજના છે કે જે દુષ્કાળ માટે જેને સાકાર કરવા માટેનો ગુજરાત અને બીજા રાજયો

● અનુસંધાન પાન-૭ પર

નવી ૧૦૦ એમ્બ્યુલન્સ વસાવીને ૧૦૮ સેવાને વધુ સુદૃઢ કરાશે

અંદાજપત્રમાં તમામ વર્ગ અને વિસ્તારને મહત્તમ લાભ આપવાનો પ્રયત્ન : નીતિનભાઈ પટેલ : નર્મદા યોજના માટે રૂ. ૯૦૦૦ કરોડની જોગવાઈ : ૧૫ વર્ષમાં ૧.૪૪ લાખ શિક્ષકોની ભરતી : ૧.૦૪ લાખ નવા ઓરડાનું નિર્માણ

ગાંધીનગર, તા. ૭

અંદાજપત્રમાં સમાજના તમામ વર્ગ અને રાજ્યના તમામ વિસ્તારને વધુ ને વધુ લાભ આપવાનો પ્રયત્ન કરાયો છે. માર્ગ અને મકાન આરોગ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, નાગરિકો તરફથી કરવેરા સ્વરૂપે મળેલા નાણાંમાંથી નાનામાં નાના આદિવાસી પેટા પરામાં વસતી વ્યક્તિથી લઈને મહાનગરમાં વસતા નાગરિકોને લાભ પહોંચાડી શકાય એવી યોજનાઓ બનાવાઈ છે. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના સાનિધ્ય, પરામર્શ અને માર્ગદર્શનથી સર્વસમાવેશક અંદાજપત્ર તૈયાર કરાયું છે.

અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાના પહેલા દિવસે બોલતા મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યનું વિકાસ મોડેલ આખા દેશમાં પ્રસ્થાપિત થઈ ચુક્યું છે. ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકોમાંથી તમામે તમામ ભારતીય જનતા પાર્ટીને આપીને ગુજરાતના લોકોએ સો ટકા માર્કસ આપી દીધા છે.

અંદાજપત્રને સમર્થન આપતા મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, સરદાર સરોવર યોજના માટે અંદાજપત્રમાં રૂ. ૯૦૦૦ કરોડ જેટલી રકમની જોગવાઈ કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર માટે રૂ. ૧,૪૦૬ કરોડ અને ઉત્તર ગુજરાતના વિસ્તારો માટે રૂ. ૧,૪૨૨ કરોડ અને કચ્છના વિસ્તારના કામો માટે નર્મદા યોજનામાં રૂ. ૧,૧૩૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

જળસંપત્તિ વિભાગ માટે રૂ. ૩,૫૭૦ કરોડની માતબર રકમની જોગવાઈ આ અંદાજપત્રમાં કરવામાં આવી છે. 'સૌની' યોજના માટે રૂ. ૧,૨૯૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. અંબાજીથી લઈને ઉમરગામ સુધીના વિસ્તારોમાં સિંચાઈ યોજનાઓ માટે આ અંદાજપત્રમાં રૂ. ૩૯૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

દરિયાકાંઠાના વિસ્તારોમાં જમીન ધોવાણ અને ક્ષારની સમસ્યાઓનો સામનો કરવા રાજ્ય સરકારે વિશેષ ધ્યાન આપ્યું છે. આ અંદાજપત્રમાં આ માટે રૂ. ૮૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, ભરૂચ પાસે રૂ. ૯૭ કરોડના ખર્ચે ભાડભૂત વિયર બનાવવાની જોગવાઈ પણ અંદાજપત્રમાં કરવામાં આવી છે.

ગુજરાતના વિકાસ માટે કોંગ્રેસના આક્ષેપોનો જડબાતોડ જવાબ આપતાં મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, ભારત દેશનો કૃષિ વિકાસ દર ૩ ટકા છે, ત્યારે ગુજરાતમાં કૃષિ વિકાસ દર છેલ્લા દશ વર્ષથી ૧૧ ટકા રહ્યો છે. રાજ્ય સરકારે આ અંદાજપત્રમાં કૃષિ વિકાસ અને સંલગ્ન બાબતો માટે રૂ. ૪,૬૨૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર